
# સાંપ્રદાયિકતા

## શું સાચું ? શું ખોટું



અપેક્ષા:-

- *બે ધર્મોના અનુયાયીઓ વચ્ચે ફેલાયેલી ગેરસમજને દૂર કરવાનો આ એક વિનમ્ર નાનકડો પ્રયાસ છે ત્યારે રચનાત્મક દિશામાં વિચારનારા તમામ નાગરિકોને વિનંતી છે કે તેઓ આ પુસ્તિકાને એકબીજા સુધી વધુને વધુ માત્રામાં પહોંચાડે અને ગેરસમજની દિવાલને તોડવામાં સહયોગ આપે.*
- *રચનાત્મક દિશામાં વિચારનારી વ્યક્તિઓ અને સંસ્થાઓ આ અને આવી બીજી પુસ્તિકાઓ છપાવવા સહયોગ આપવા ઈચ્છતી હોય તેઓ અમારો સંપર્ક કરી શકે છે.*


***પ્રકાશક :***

LOK-HIT MOVEMENT

-લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ
ગુજરાત ટુડે કમ્પાઉન્ડ, શાહેઆલમ,
અમદાવાદ- ૩૮૦૦૨૮.

-સ્પ્રેટ (સોસાયટી ફોર ધ પ્રમોશન ઓફ રેશનલ થીંકીંગ)
રાજનગર કોમ્પલેક્ષ, એન.આઈ.ડી.પાસે,
પાલડી, અમદાવાદ- ૩૮૦૦૦૬.

સહયોગ રાશિ : **રૂપિયા ૫-૦૦**




***વ્યાખ્યાન-લેખન :***
રામ પુનિયાની
(સદસ્ય, એકતા-સાંપ્રદાયિક સૌહાર્દ સમિતિ)



***મુખપૃષ્ઠ :***
કે.પી. સશી/ સમિધા મહાત્રે

***મુદ્રક :***
લોકહિત ઓફસેટ
ગુજરાત ટુડે કમ્પાઉન્ડ, શાહેઆલમ,
અમદાવાદ-૩૮૦૦૨૮.




*હું એક સનાતની હિંદુ છું. પોતાના ધર્મ માટે હું મારો જીવ પણ આપી શકું પરંતુ એ મારો અંગત મામલો છે. જ્યાં સુધી ભારતનો સવાલ છે. જેના નિર્માણ માટે હું સંઘર્ષરત છું, તે ભારત સંપૂર્ણ રીતે ધર્મનિરપેક્ષ હશે. ન રાજ્ય મારા ધર્મમાં દખલ દેશે. ન મારો ધર્મ રાષ્ટ્રને નિર્દેશ કરશે.*

**-મહાત્મા ગાંધી**

(ગાંધી અને કોમ્યુનલ હારમનીમાંથી સેન્ટર ફોર સ્ટડી ઓફ સોસાયટી અને સેક્યુલરિઝમ)

✡




*આ સમયે કેટલાક ભારતીય નેતાઓ પણ મેદાનમાં ઉતર્યા છે, તેઓ ધર્મને રાજનીતિથી અલગ કરવા માગે છે. ઝઘડો ખતમ કરવા માટે આ સુંદર ઈલાજ છે. અને અમે તેનું સમર્થન કરીએ છીએ. જો ધર્મને રાજનીતિથી અલગ કરાય તો રાજનીતિ સંબંધે આપણે બધા એકત્ર થઈ શકીએ છીએ પછી ભલે ધર્મમાં આપણે અલગ અલગ રહીએ.*

**-સરદાર ભગતસિંહ**

(મેરે વિચાર, મુંબઈ શ્રમિક સંઘ ૨૦૦૨)

✡



*હું આપને પ્રાર્થું છું કે આપ ગાંધીજીના કાર્યક્રમોને અમલમાં મૂકો. ગાંધીજીએ મહાન ત્યાગ કરી આપણને આઝાદી અપાવી છું. હું તમને જણાવું છું કે ગાંધીજીના રામરાજ્યને લાવવા માટે સૌથી જરૂરી ચીજ છે હિંદુ-મુસ્લિમ એકતા.*

**-સરદાર વલ્લભભાઈ પટેલ**

(સરદાર પટેલ, ભારતીય સમસ્યાઓ પર વિચાર, ઈન્ડિયન એક્સપ્રેસ, ૨ નવેમ્બર ૨૦૦૨થી)

# નિવેદન

*ગોધરા-ગુજરાત-અક્ષરધામની ઘટનાઓએ આપણને ચોંકાવી દીધા છે. ધર્મના નામે આટલી બીભત્સ હિંસા આજે આપણા સમાજમાં સામાન્ય ઘટના બની રહી છે. અલગ અલગ દેશોના અલ્પસંખ્યકો વિરુધ્ધ હિંસાના સમાચાર આપણે રોજ જ વાંચીએ છીએ. એવું કેમ શકય બને કે કોઈ એક ધર્મના લોકો પર હિંસા થતી હોય ત્યારે અન્ય લોકો તેને રોકવાનો પ્રયત્ન પણ ન કરે ?*

*આપણી સામાજિક ચેતનાને દૂષિત કરવાનું કામ નિહિત સામાજિક તાકાતો કરી રહી છે. તેમાં અલ્પસંખ્યકોના રિવાજો અને ઈતિહાસની કેટલીક વાતોનો આધાર લઈ નફરતનું વાતાવરણ ઊભું કરાય છે. તેથી સામાન્ય જનસમાજ તેને આડખીલારૂપે જુએ છે અને જ્યારે તેમના ઉપર હિંસા થાય છે ત્યારે કહેવાય છે કે તેમને પાઠ ભણાવવો જરૂરી હતો. હિટલરે જ્યુ લોકો વિરુધ્ધ આ જ કર્યું. આજે ભારત, પાકિસ્તાનમાં ઈસાઈઓ અને મુસ્લિમો વિરુધ્ધ થતી હિંસામાં દૂષિત સામાજિક ચેતનાનો મોટો હાથ છે.*

*સાંપ્રદાયિકતાની સમસ્યા સમજવા માટે ને તેની સામે લડવા માટે જરુરી છે કે આપણે લોકોમાં સાચી વાતોનો પ્રસાર કરીએ. તેમના મનમાં નફરતનું જે ઝેર ફેલાયું છે, તેને દૂર કરવા માટે સત્ય તરફ જવા માટેનું આ પ્રથમ પગલું છે.*

*હું સર્વોદય મંડળ, શ્રી સોમૈયાજીનો આભારી છું. તેમણે આ માટે ઘણા કાર્યક્રમોનું આયોજન કર્યું છે અને એ જ કાર્યક્રમોને નક્કર બનાવવા માટે મારા એક વ્યાખ્યાનને આ પુસ્તિકા રૂપે પ્રકાશિત કરી રહ્યા છે. હું જિતેન્દ્ર શાહ, ડેનિયલભાઈ, વર્ષા તથા વિનાયકનો એમના સહકાર માટે અત્યંત આભારી છું.*

**-રામ પુનિયાની**
એકતા, સાંપ્રદાયિક સૌહાર્દ સમિતિ

# સદ્‌ભાવના અને સાંપ્રદાયિકતા

મિત્રો, આજે આપણે એવા કેટલાક મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરીશું, જેને લીધે આપણા દેશમાં હિંસા વધી રહી છે.

મહાવીર, બુધ્ધ અને ગાંધી જેવી વ્યકિતઓએ અહિંસાનો સિધ્ધાંત સમગ્ર વિશ્વ સામે મૂકયો. આપણા એ જ દેશમાં સતત બનતા હિંસાના બનાવો આપણા માટે ચિંતાનો વિષય છે. આપણે અહીં ખાસ કરીને સાંપ્રદાયિક (સંપ્રદાયને લગતી) હિંસા વિશે વાત કરીશું. સાંપ્રદાયિક હિંસા એટલે શું ? સાંપ્રદાયિક હિંસા એક એવી પ્રક્રિયા છે, જેમાં નિર્દોષ લોકોને કોઈ ખાસ એક ધર્મમાં માનતા હોવાને કારણે રહેંસી નાખવામાં આવે છે. આ હિંસામાં ખાસ વાત એ છે કે હિંસા કરનાર, ગુનેગારોને મોટેભાગે સજા થતી નથી. અહીં ફરી પ્રશ્ન થાય કે કોઈ પણ એક જ ધર્મમાં આસ્થા ધરાવનાર લોકોને જ કેમ મારી નાખવામાં આવે છે ? અહીં એ વાત તરફ ખાસ ધ્યાન જાય છે મોટેભાગે સમાજમાં, વિવિધ દેશોમાં અલ્પસંખ્યકો વિરુધ્ધ એક સમજ ઊભી કરવામાં આવે છે અને આ વિચારધારા-માન્યતાઓના આધારે ઘડવામાં આવે છે. કોઈ એક કારણે તેમના વિરુધ્ધ ઘૃણાનું વાતાવરણ ઊભું થાય છે, ને જ્યારે હિંસા ફાટી નીકળે છે ત્યારે મોટા ભાગના લોકો એને **સામાજિક ચેતના** માને છે તે લોકો એ જ લાયક છે તેથી તેમની સાથે જે થાય છે તે બરાબર જ છે તેવું માને છે. ફેબ્રુઆરી, માર્ચ ૨૦૦૨ દરમ્યાન ઘણી ઘટનાઓ બની. એક દિવસ હું સવારનું અખબાર વાંચી રહ્યો હતો. અખબારના પ્રથમ પાને સમાચાર હતા કે પાકિસ્તાનમાં અલ્પસંખ્યક ખ્રિસ્તીઓ પર હિંસક હુમલાઓ થયા. અખબારનું પાનું ફેરવ્યું તો વાચ્યું કે ભારતના માલેગાંવમાં સાંપ્રદાયિક હિંસામાં કેટલાક મુસ્લિમો મરાયા. બે પાનાં ફેરવ્યાં બાદ વાંચવા મળ્યું કે બંગલાદેશમાં કેટલાક હિંદુઓ પર સાંપ્રદાયિક અત્યાચાર આચરવામાં આવ્યો છે.

આવી સામાજિક ચેતના કઈ રીતે ઘડાય છે તે સમજવા માટે ભારતમાં, આપણા દેશમાં મુસલમાનો માટે પ્રચલિત માન્યતાઓને સમજવાનો પ્રયત્ન કરીશું. આપણા સમાજમાં મુસલમાનો માટે કેટલીક ધારણાઓ છે. તેમાંથી કેટલીક પ્રચલિત છે, જેમ કે મુસલમાન રાજાઓએ હિંદુઓનું અપમાન કરવા માટે હિંદુ મંદિરો તોડયાં, ભારતમાં ઈસ્લામ ધર્મનો પ્રચાર તલવારની ધારે થયો, ઈતિહાસ હિંદુઓ અને મુસલમાનોની લડાઈઓથી ભર્યો છે, મુસ્લિમો ચાર વાર લગ્ન કરે છે અને વીસ-વીસ બાળકો પેદા કરે છે, તેઓ ઘણાં ઝનૂની અને રૂઢિવાદી હોય છે. વગેરે, વગેરે....

## ***મંદિરોનો ધ્વંસ :***

આપણે સૌપ્રથમ ઈતિહાસમાં વર્ણવાયેલા મંદિરોને તોડવાની પ્રક્રિયાને સમજવાનો પ્રયત્ન કરીશું. શું મુસલમાન રાજાઓ હિંદુ ધર્મનું અપમાન કરવા માગતા હતા અને એટલે મંદિરો તોડયા ? સૌ પ્રથમ સોમનાથનું મંદિર મહમદ ગઝનવી દ્વારા તોડવામાં આવેલ તેનું વિશ્લેષણ કરીએ. મહમદ ગઝનવી અફઘાનિસ્તાનના ગઝની શહેરનો હતો. કદાચ એટલે જ તેના નામમાં ગઝનવી છે. ગઝની થી સોમનાથ સુધી આવવા માટે તેણે ઘણો લાંબો પથ કાપ્યો હશે. અને રસ્તામાં ઘણા હિંદુ મંદિરો પણ આવ્યા હશે. એણે એ બધા જ મંદિરોને કેમ નહીં તોડયા ? રસ્તામાં બામિયાનમાં બુધ્ધની વિશાળ મૂર્તિ પણ જોઈ હશે. મહમદે તેને પણ હાથ ન લગાવ્યો. અહીં એક પ્રશ્ન પૂછવાનું મન થાય કે તોડવા માટે તેણે સોમનાથનું મંદિર જ કેમ પસંદ કર્યું ? ગઝનવી જ્યારે સોમનાથ તરફ આગળ વધી રહ્યો હતો ત્યારે રસ્તામાં મુલતાન નામનું એક શહેર આવ્યું. મુલતાનના રાજાનું નામ હતું, અબ્દુલ ફત દાઉદ. ગઝનવીએ અબ્દુલ ફત દાઉદને સંદેશ પાઠવ્યો કે હું સોમનાથ તરફ જઈ રહ્યો છું તો મારે રસ્તામાં મુલતાન થઈને જવું પડશે તે માટે મને અનુમતિ આપો. અબ્દુલ ફત દાઉદે અનુમતિ નહીં આપતા, બંને મુસલમાન રાજાઓ વચ્ચે યુધ્ધ થયું. આ યુધ્ધમાં મુલતાનની જામા મસ્જિદ તૂટી પડી. જે લોકો ગઝનવીને ઈસ્લામનો મહાન રક્ષક માને છે તેમણે આ ઘટના વિશે વિચારવું જોઈએ કે બે મુસલમાન રાજાઓની લડાઈમાં મહમદ ગઝનવીએ સોમનાથ મંદિરને તોડતાં પહેલા માર્ગમાં આવતી મસ્જિદને તોડતાં જરા પણ ખચકાટ ન અનુભવ્યો. મુલતાન પછી જે મુખ્ય શહેર રસ્તામાં આવતું હતું તે થાનેશ્વર, થાનેશ્વરમાં રાજા આનંદપાલનું રાજય હતું. ગઝનવીએ આનંદપાલને પણ તે જ નિવેદન પાઠવ્યું. આનંદ પાલે તેના નિવેદનનો સ્વીકાર કર્યો અને ગઝનવીના લશ્કરને પોતાના રાજ્યમાંથી પસાર થવાની અનુમતિ આપી.

સોમનાથ પહોંચી ગઝનવીએ મંદિરને તોડતાં પહેલા સૌ પ્રથમ મંદિરમાં પડેલી કરોડોની સંપત્તિનો કબજો લીધો. આપણામાંથી ઘણા લોકોને આ વાતની ખબર નથી કે મધ્યકાલીન યુગમાં કેટલાક મંદિરો પાસે અઢળક માલમિલકત રહેતી. ભકતજનો હીરાજડિત સોના-ચાંદીના આભૂષણો ભગવાનને ચઢાવતા. કહેવાય છે કે સોમનાથ મંદિરમાં તે

સમયે લગભગ રૂા. ૨૦૦ કરોડના હીરા ઝવેરાત અને સોના ચાંદીના આભૂષણો હતાં.

ગઝનવીએ સૌ પ્રથમ સંપત્તિનો કબજો લીધો અને ગર્વથી કહ્યું કે ઈસ્લામ ધર્મ મૂર્તિપૂજામાં નથી માનતો એટલે હું આ મંદિર તોડી રહ્યો છું. અહી ચોક્કસ જ સવાલ થાય કે જો ગઝનવી ઈસ્લામનો સિપાહી હતો તો તેના રસ્તામાં આવતા બધા જ મંદિરોને તેણે કેમ હાથ ન લગાવ્યો ? અને જો તે ઈસ્લામનો ઠેકેદાર હતો તો તેના માર્ગમાં આવતી મસ્જિદને તેણે કેમ તોડી ? મહમદ ગઝનવીના લશ્કરમાં એક તૃતીયાંશ સૈનિકો હિંદુ હતા તો તેના બાર સેનાપતિઓમાંથી પાંચ સેનાપતિ હિંદુ હતા. તેમના નામ તિલક, સોંધી, હરજાના, રાણા, હિંદ. સોમનાથ જીત્યા બાદ ગઝનવીએ ત્યાં હિંદુ રાજાની નિમણૂક કરી હતી. તો પોતાના નામના ચલણી સિક્કામાં પણ સંસ્કૃત ભાષાનો ઉપયોગ કર્યો હતો.

આ ઘટના પરથી મને છ અંધ અને હાથીની વાત યાદ આવે છે. છ આંધળાઓ હાથીને ઓળખવા માગતા હતા. એક વ્યકિતએ છ જણાને હાથીના અલગ અલગ ભાગ પકડાવી દીધા. કોઈકે પગ પકડયા તો કોઈકે સૂંઢ અને કોઈના હાથમાં પૂંછડી આવી તો કોઈના હાથમાં કાન, પછીથી અંધો વચ્ચે હાથીના દેખાવને લઈને મતાંતર ઊભા થયા. તેઓ વચ્ચે ઝઘડા શરૂ થયા કે હાથી કેવો દેખાય છે ? પહાડ જેવો, સાપ જેવો, ઝાડની ડાળી જેવો વગેરે... કારણ તેમણે સત્યને એક જ રીતે ઓળખવાનો, સમજવાનો પ્રયત્ન કર્યો. એટલે સત્યને તેઓ પૂર્ણ રીતે પામી ન શકયા, આપણું પણ એવું જ છે. આપણે ઈતિહાસની દરેક ઘટનાની છણાવટ નથી કરતા પણ કેટલીક ઘટનાઓને આધારે પોતાનો મત બાંધી લઈએ છીએ જે સત્યથી ઘણો જ વેગળો હોય છે. અહીં એક વાત ખાસ યાદ રાખવા જેવી છે કે મોટાભાગના રાજાઓએ પોતાના કૃત્યોને ધર્મ સાથે જોડી દીધા છે. જેમ કે તેમના રાજયની સીમાનો વિસ્તાર કરવો અથવા બીજાની સંપત્તિ પર કબજો કરવા જેવા કૃત્યોને ધર્મને નામે ચડાવવાના પ્રયત્નો કર્યા છે. પહેલાના જમાનામાં ચારણ, ગઢવી, રાજકવિઓ ઈતિહાસ લખતા હતા. તેમને રાજાની પ્રશંસા કરવાનું મહેનતાણું મળતું હતું. શું આપણે **જેહાદ, ક્રુસેડ, ધર્મયુધ્ધ** વિશે સાંભળ્યું છે ? શું રાજાઓ ધર્મનું પ્રતિનિધિત્વ કરતા હતા ? કે પછી રાજ્ય વિસ્તારની તેમની આકાંક્ષાને દરેક ધર્મમાં જુદા નામથી રજૂ કરવામાં આવી છે ?

હવે આપણે બારમી શતાબ્દીના કાશ્મીરના રાજા હર્ષદેવ વિશે ચર્ચા કરીશું. તેમના દરબારમાં કલ્હણ નામનો કવિ હતો. કલ્હણે એક પુસ્તક લખ્યું છે. જેનું નામ છે- રાજ તરંગિણી. તેમણે આ પુસ્તકમાં નોંધ્યું છે કે રાજા હર્ષદેવે પોતાના રાજયકાળ દરમ્યાન એક નવા પદનું નિર્માણ કર્યું હતું. આ પદનું નામ હતું **દેવોત્પતન નાયક**. આ શબ્દની સંધિ છૂટી પાડીને જોઈએ તો શબ્દનો અર્થ થાય- એ અધિકારી જે દેવોની પ્રતિમાઓનું પતન કરે છે. અર્થાત્ ખંડિત કરે છે. હિંદુ રાજા એક એવા અધિકારીની નિમણૂક કરે છે જે મંદિરોમાં જઈને દેવોની પ્રતિમાઓને ઊખાડીને લઈ આવે. પણ મજાની વાત તો એ છે કે રાજાઓ માટે પથ્થરની મૂર્તિનું કોઈ મહત્વ નહોતું. તેમને તો સુવર્ણ અને રત્નજડિત મૂર્તિઓની જરૂર રહેતી. એકમ વખત મરાઠા સેનાઓએ ટીપુ સુલતાન પર આક્રમણ કર્યું. આ આક્રમણ અસફળ રહ્યું અર્થાત્ ન કોઈ જીત્યું ન કોઈ હાર્યું. પરંતુ પરત ફરતાં પહેલાં મરાઠા સેનાએ શ્રીરંગપટનમ્ મંદિર ધ્વસ્ત કર્યું. મરાઠાસેનામાં મોટે ભાગે હિંદુ હતા છતાં તેમણે મંદિર કેમ તોડયું ? સ્પષ્ટ થાય છે કે મરાઠા સેના સંપત્તિનું નુકસાન કરી, ટીપુ સુલતાનનું અપમાન કરવા માગતી હતી. તેને સંદેશ પહોંચાડવા માગતી હતી કે તમારા જ રાજયમાં આવીને તમારી સંપત્તિને નષ્ટ કરી શકાય છે. ટીપુ સુલતાને તે ધ્વસ્ત મંદિર ફરીથી બંધાવ્યું. કારણ કે પ્રજાને જણાવવા માગતો હતો કે તેને પ્રજાની ધર્મભાવના પ્રત્યે આદર છે. કોઈપણ રાજા પોતાની પ્રજાની લાગણીઓનો આદર કર્યા વગર રાજ્ય ન કરી શકે. આ વાત ટીપુ સુલતાન સારી રીતે જાણતો હતો તેથી તેણે યોગ્ય પગલું લીધું.

કોઈને પણ પૂછવામાં આવે કે ભારતનો સૌથી વધુ અત્યાચારી મુસલમાન રાજા કોણ હતો ? તો જવાબ મળશે ઔરંગઝેબ. આ વાત એટલી જ સત્ય છે જેટલી પાકિસ્તાનના ઈસ્લામી સંપ્રદાયો ઔરંગઝેબને તે સમયનો મહાનતમ રાજા માને છે. પરંતુ ખરેખર સત્ય શું છે ? ઔરંગઝેબે લાંબા સમય સુધી અહીં રાજ્ય કર્યું. શાસનકાળ દરમ્યાન તેણે કેટલાક મંદિર-મસ્જિદ તોડાવ્યા. કેટલીક મસ્જિદો બનાવડાવી તો કેટલાક મંદિરો પણ બંધાવ્યા. એટલું જ નહી તેના કારભાર માટે રાજ્ય તરફથી જાગીરો પણ ભેટમાં આપી. તે સમયની વાત છે, એક વખત ગોલકુંડાના નવાબ તાનાશાહે લાંબા સમય સુધી તેમને લગાન-કર ન આપ્યો. આગળ વધતાં પહેલાં આપણે જોઈએ કે તે સમયે કર કેવી રીતે લેવાતો હતો. સમાજમાં ત્યારે ઉત્પાદનનું કાર્ય મોટેભાગે ગરીબ ખેડૂત તથા શુદ્ર કરતા હતા. તેમના ઉત્પાદનનો મોટોભાગ જમીનદારને જતો. જેમાંથી એક ભાગ રાજાને મળતો ને એક ભાગ શહેનશાહને આપવામાં આવતો. અહીં એક વાત નોંધવાનું મન થાય છે કે અન્નનું ઉત્પાદન ગરીબ ખેડૂત તથા શુદ્ર કરતા હતા પણ જ્યારે તેમના પર કોઈ સંકટ આવતું ત્યારે ઉધાર માગવા માટે તેઓ જમીનદાર પાસે જતા. શું તેઓ જમીનદારને તેમના નામથી સંબોધતા હતા ? ના. જમીનદાર મોટેભાગે સરકાર તથા અન્નદાતાને નામે જ સંબોધાતા હતા. જરા વિચારો જમીનદાર અને ગરીબ ખેડૂતમાં કોણ કોનો અન્નદાતા છે ?

ફરીથી ઔરંગઝેબની વાત પર આવીએ. જ્યારે તાનાશાહે ત્રણ વર્ષ સુધી કર ન ચૂકવ્યો. ત્યારે ઔરંગઝેબે જાસૂસ મોકલાવી તપાસ કરાવી. તપાસ કરતાં ખબર પડી કે તાનાશાહે પોતાની સંપત્તિ એક મસ્જિદની નીચે છુપાવી રાખી છે. ઔરંગઝેબે મસ્જિદમાંથી સંપત્તિ ખોદાવી કાઢી ને દિલ્હી લઈ આવ્યો. આ હતા ઈસ્લામી સંપ્રદાયોના આદર્શ મુસલમાન રાજા. આ જ ઔરંગઝેબે કાશી-વૃંદાવન વિસ્તારમાં આવેલ કેટલાક મંદિરોને જાગીર-ધનસંપત્તિની ભેટ આપી છે. એક મહાન ઈતિહાસકાર ડો.વિશ્વંભરનાથ પાન્ડેય લિખિત પુસ્તક **દ. ફરમાન્સ ઓફ કિંગ ઔરંગઝેબ**માં આવા ઘણાં ફરમાનો, અદાલતી આદેશોના ઉલ્લેખ જોવા મળે છે. આ જ વિસ્તારમાં એક કૃષ્ણ મંદિરને ઔરંગઝેબે ઘણા સુવર્ણ (સોનાનાં) આભૂષણો ભેટ આપ્યા છે. આજે પણ દર નવરાત્રીએ કૃષ્ણને આ આભૂષણો પહેરાવવામાં આવે છે. ડો. પટ્ટાભૈયા સીતારમૈયા લિખિત પુસ્તક **ફેદર્સ એન્ડ સ્ટોન**માં એક કરૂણ વાર્તાનું વર્ણન છે. એક વખત ઔરંગઝેબ કાશીથી કલકત્તા તરફ જઈ રહ્યો હતો. ત્યારે તેમની સાથેના કાફલામાં સામેલ હિંદુ રાજાઓએ ઓરંગઝેબને વિનંતી કરી કે જો એક રાત માટે પડાવ કરવામાં આવે તો તેમની રાણીઓ વારાણસી જઈને ગંગામાં સ્નાન કરી ભગવાન વિશ્વનાથનાં દર્શન કરી શકે. ઔરંગઝેબે તરત જ મંજૂરી આપી. એટલું જ નહીં તેમની સલામતી માટે વારાણસી સુધીના પાંચ માઈલના રસ્તા પર સૈન્ય પણ ગોઠવી આપ્યું. બધી રાણીઓ પાલખીમાં બેસીને વારાણસી પહોંચી. ગંગા નદીમાં ડૂબકી લગાવ્યા બાદ બધા ભગવાન વિશ્વનાથના દર્શન કરવા ગયા. પૂજા કર્યા બાદ બધી જ રાણીઓ પાછી વળી. પરંતુ ફકત એક કચ્છના મહારાણી પાછાં ન આવ્યા. મંદિરના આખાય પરિસરમાં શોધ કરાઈ. પણ રાણીનો પત્તો ન લાગ્યો. ઔરંગઝેબને જ્યારે આ વાતની ખબર પડી તો તે ગુસ્સાથી લાલચોળ થઈ ગયો. એમણે પોતાના વરિષ્ઠ અધિકારીઓને તપાસ માટે મોકલ્યા. આખરે ખબર પડી કે એક મંદિરની દીવાલ પર લાગેલ ગણેશની પ્રતિમા સ્થિર નથી. તે પ્રતિમાને ફેરવવામાં આવતા નીચે ભોંયરામાં જવાનો રસ્તો દેખાયો. ભોંયરામાં ભયભીત અને કફોડી હાલતમાં રડતી રાણીના હાલ જોઈ તેઓ કંપી ઊઠયા. આ ભોંયરું ભગવાન વિશ્વનાથની મૂર્તિની નીચે હતું. રાજાઓએ જોરશોરથી પોતાનો વિરોધ વ્યકત કર્યો. આ અપરાધ અક્ષમ્ય અને ધૃણાસ્પદ હોવાથી રાજાઓએ કડક પગલાં લેવાની માગણી કરી જેથી લોકો તેને ભૂલી ન શકે. ઔરંગઝેબે આદેશ આપ્યો કે મંદિર અપવિત્ર થઈ ગયું હોવાથી ભગવાન વિશ્વનાથને ત્યાંથી હટાવી બીજે સ્થાપિત કરી મંદિરને ધ્વસ્ત કરી નાખવામાં આવે અને મહંતની ધરપકડ કરી સજા આપવામાં આવે. ઈતિહાસની આ ઘટનાની સાબિતી પટના સંગ્રહાલયના જાણીતા કયુરેટર ડો. પી.એલ. ગુપ્તા પાસેથી મળી છે.

આ વાત પરથી એટલું તો સમજાય છે કે મોગલ શાસનકાળ દરમ્યાન સ્થાનીય પ્રશાસનમાં કોઈ મોટો ફેરફાર નહોતો થયો. હિંદુ જમીનદાર, રાજાઓ મોગલ શાસનકાળ દરમ્યાન પણ મોટા હોદ્દાઓ પર હતા. અકબરના દરબારના નવ રત્નોમાંથી બીરબલ અને ટોડરમલને સૌ કોઈ જાણે છે. શાહજહાંના શાસનકાળ દરમ્યાન હિંદુ રાજાઓની સંખ્યા ૨૪ ટકા હતી તે ઔરંગઝેબના શાસનમાં આ સંખ્યા વધીને ૩૪ ટકા જેટલી થઈ ગઈ હતી.

આમ પણ ઈતિહાસમાં એવા ઘણા વર્ણનો છે જેમાં પરમાર રાજાઓએ કેટલાક જૈન મંદિરોને ધ્વસ્ત (પાયમાલ) કર્યા હતા. એ જ રીતે એક હિંદુ રાજા શશાંકે મહાત્મા બુધ્ધને જે બોધી વૃક્ષ હેઠળ મોક્ષ પ્રાપ્ત થયો હતો તે વૃક્ષને કપાવી નાખ્યું હતું. આટલા પરથી એટલું તો સમજી શકાય છે કે રાજાઓએ પોતાના રાજ્યકાળ દરમ્યાન જે કાર્યો કર્યા તે ફકત ધર્મ માટે નહોતા કર્યા. તેમણે મંદિરો, મસ્જિદોના નિર્માણ કે વિધ્વંસ જે કારણોસર કર્યું તેને ધર્મ સાથે કોઈ લેવા દેવા નહોતી.

## ***હિંદુ અને મુસલમાન રાજાઓ વચ્ચે યુધ્ધ :***

હવે આપણે જોઈશું કે ઈતિહાસમાં હિંદુઓ અને મુસલમાનો વચ્ચે યુધ્ધ થતાં રહ્યાં છે, તે વાતમાં કેટલી સચ્ચાઈ છે. બહુ જાણીતા બે કે ત્રણ ઉદાહરણો છે તેમાં સૌ પ્રથમ સામે આવે છે. મહારાણા પ્રતાપ અને અકબરનું યુધ્ધ. આ યુધ્ધ હલ્દી ઘાટીના મેદાનમાં થયું હતું. અને સૌથી વધુ આશ્ચર્યની વાત તો એ છે કે રાજા અકબર તો યુધ્ધના મેદાનમાં આવ્યા જ નહોતા. તેમના વતી જે રાજા યુધ્ધ લડી રહ્યો હતો તેનું નામ છે રાજા માનસિંહ. અકબરની સેનામાં માનસિંહના રાજપૂત સૈનિકો હતા અને શાહજહાં સલીમના પઠાન સૈનિકો હતા. જ્યારે એમના વિરુધ્ધ લડી રહેલા રાણા પ્રતાપની સેનામાં સેનાપતિ હતો હકીમ ખાન સૂર. રાણા પ્રતાપની સેનામાં હકીમ ખાન સૂરના પઠાણ સૈનિકો તથા તેમના રાજપૂત સૈનિકો પણ હતા. બંને સેનામાં હિંદુ તથા મુસલમાન સૈનિકો હતા. તો શું આપણે આ યુધ્ધને હિંદુ મુસલમાન વચ્ચેનું યુધ્ધ કહી શકીશું ? શહેનશાહ અકબર અને રાણા પ્રતાપની વચ્ચે યુધ્ધ શું કામ થયું ? શું ધર્મના કોઈ મૂલ્ય માટે તેઓ પરસ્પર ટકરાયા કે પછી બીજું કોઈ કારણ હતું જેને લીધે તેમણે એકબીજા સામે તલવારો ખેંચી ! તે સમયે રાજા અકબર પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કરી રહ્યા હતા. અને નાના રાજાઓને પોતાની સાથે ભેળવી દેવા માટે તેમને અલગ અલગ

હોદ્દાઓ આપી રહ્યા હતા. રાણા પ્રતાપ સમક્ષ તેમણે પાંચ હજારીનો હોદ્દો આપવાનો પ્રસ્તાવ મૂકયો હતો. રાણા પ્રતાપે પ્રસ્તાવને ના સ્વીકાર્યો તેથી તેમની વચ્ચે યુધ્ધ થયું. રાણા પ્રતાપ પછી તેમના દીકરા રાજા અમરસિંહને અકબરના દીકરા જહાંગીર દસ હજારીનો હોદ્દા આપી પોતાના સામ્રાજ્યમાં સામેલ કર્યો હતો. તો શું આ બધાનો નિર્ણય હિંદુ કે ઈસ્લામ ધર્મના મૂલ્યોને આધારે થયો કહેવાય કે પછી આ બધી રાજકારણની રમત હતી ? તેને આજની સાંપ્રદાયિક વ્યકિતઓ નફરતનું આવરણ પહેરાવી આપણી સમક્ષ રજૂ કરે છે. શિવાજી મહારાજને પણ મુસલમાન વિરોધી રાજાના રૂપે રજૂ કરવામાં આવે છે. તેમાં કેટલું સત્ય છે ? શિવાજી મહારાજ અને ઔરંગઝેબ વચ્ચેના યુધ્ધમાં ઔરંગઝેબ તરફથી મોટેભાગે રાજા જયસિંહ જ લડવા આવતા. શિવાજી મહારાજની પોતાની સેનામાં ઘણા મુસલમાન સેનાનાયકો હતા. જેમ કે સિંઘવી સંબલ, તો તેમના ખાનગી સચિવનું નામ હતું મૌલાના હૈદરઅલી. જ્યારે શિવાજી મહારાજ આગ્રાના કિલ્લામાંથી ભાગી છૂટયા હતા ત્યારે તેમની સહાયતા કરનાર મુસલમાન રાજકુમારનું નામ હતું મદારી મેહતર. તેમણે રાયગઢના કિલ્લા સામે એક તરફ જગદીશ્વરનું મંદિર બંધાવ્યું હતું તો બીજી તરફ પોતાની મુસલમાન પ્રજા ઈબાદત કરી શકે તે માટે મસ્જિદ પણ બંધાવી હતી. શિવાજી મહારાજે પોતાના સૈન્યને આદેશ આપી રાખ્યો હતો કે તેમના લૂટફાટ અભિયાન દરમ્યાન કોઈ બીજા ધર્મનું પુસ્તક આવી જાય તો ઘણા આદરભાવ સાથે તે પુસ્તકને તે ધર્મમાં માનનારને સોંપી દેવું. એ જ રીતે શિવાજી મહારાજ મહારાષ્ટ્રના એક સૂફી સંત હઝરત બાબા થોરવાલાનું ઘણું આદર સન્માન કરતા હતા. તો સુરતના ફાદર એબ્રોજને પણ ઘણું માન આપતા હતા. તમે બધા શિવાજી મહારાજની આ વાત તો જાણતા જ હશો એક વખત તેમની સેના કલ્યાણના મુસ્લિમ સુબેદારની સુંદર પુત્રવધૂનું અપહરણ કરી લાવી. લુટના ભાગ રૂપે તેને શિવાજી મહારાજને ભેટ કરવામાં આવી. અન્ય રાજાઓની જેમ ન વર્તતા શિવાજી મહારાજ તેમના સૈનિકો પર ખૂબ ક્રોધે ભરાયા. અને તે સ્ત્રીને પૂરા માનસન્માન સાથે તેના પતિ પાસે મૂકી આવવાનું જણાવ્યું. આના પરથી શું એવું લાગે છે કે શિવાજી મહારાજ ઈસ્લામ ધર્મના વિરોધી હતા ? શું તેઓ મુસલમાનો પ્રત્યે ધૃણાભાવ સેવતા હતા ?

## ***ધર્મ પરિવર્તન :***

આપણને સતત કહેવામાં આવે છે કે ઈસ્લામ એક ઝનૂની ધર્મ છે. કારણ કે તે તલવારના જોરે દુનિયામાં ફેલાયો છે. હકીકતમાં ધર્મ શ્રધ્ધા વડે પોષાય છે, તો શું આતંકના આધારે ધર્મનો પ્રચાર થઈ શકે ? અહીં એક વાતની સ્પષ્ટતા થઈ જવી જોઈએ કે રાજાઓનું મુખ્ય કાર્ય ધર્મનો પ્રચાર કે પ્રસાર કરવાનું નહોતું. ઈતિહાસમાં ફકત એક જ રાજા મળી આવે છે કે જેમણે પોતાની રાજ્ય વ્યવસ્થાને ધર્મના પ્રસારમાં પરોવી દીધી હતી. તેમનું નામ છે સમ્રાટ અશોક. અન્ય રાજાઓને ધર્મપ્રચારક કે પ્રસારકના રૂપમાં જોવા એ તદ્દન ખોટું છે. આમ જોઈએ તો ઈસ્લામ ધર્મ ભારતમાં ચાર પ્રકારે ફેલાયો. તેમાંથી પહેલા જે ત્રણ પ્રકારે તેનો પ્રચાર થયો તે ઘણો જ સીમિત હતો. એ ત્રણ પ્રકાર છે- ડર- (આપણો શાસક મુસલમાન છે તેવો ડર) બીજો- લાલચ (જો આપણે શાસક રાજાઓનો ધર્મ અપનાવી લઈશું તો જલદી બઢતી મળશે તેવી લાલચ) ત્રીજો પ્રકાર છે લોકોને ઈસ્લામના શિક્ષણમાં રસ પડવો. પરંતુ આ ત્રણ પ્રકારે ઈસ્લામનો પ્રસાર વધુ ન થયો. ભારતમાં ઈસ્લામનો પ્રસાર મુખ્ય રૂપે સૂફી સંતો દ્વારા થયો. આ સૂફીસંતો સામાન્ય વ્યકિતઓ તરીકે જીવતા હતા. જેથી લોકો તેમના પ્રતિ આકર્ષાયા. પરંતુ જે લોકોએ ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો તેમાંથી મોટાભાગના લોકો શુદ્ર અને ગરીબ હતા. તેઓ જમીનદાર અને બ્રાહ્મણોના અત્યાચારમાંથી છૂટીને સામાજિક સમતા મેળવવા માગતા હતા. આપણા દેશમાં ઈસ્લામના પ્રચારનું મુખ્ય કારણ આ જ હતું. વધુમાં જણાવું તો ભારતમાં મોટભાગનું ધર્માંતર બ્રાહ્મણવાદી વ્યવસ્થાના વિરોધમાં થયું અને તેમાંય સૌથી વધુ મહત્ત્વપૂર્ણ ધર્માંતર ૧૯૫૬માં ડૉ. આંબેડકરના નેતૃત્વમાં થયું હતું.

બીજી એક વાત સતત કહેવાય છે કે અહીં મુસલમાન રાજાઓએ મંદિરોનો વિધ્વંસ કર્યો અથવા તેને પોતાની જરૂરત પ્રમાણે બદલી નાખ્યું. એવું પણ કહેવાય છે કે તાજમહેલ પહેલાં એક શિવમંદિર હતું. જેને બદલાવીને શાહજહાંએ પોતાની બીબીનો મકબરો બનાવી દીધો. આ વાતમાં જરા પણ યથાર્થતા નથી. શાહજહાંની આત્મકથા બાદશાહનામામાં આ વાતની સ્પષ્ટતા મળી આવે છે. પીટર મુંડી નામના એક યુરોપીયન યાત્રીએ પોતાના યાત્રા વર્ણનમાં નોંધ્યું છે કે બાદશાહ શાહજહાં પોતાની પત્નીના મૃત્યુથી ઘણા વ્યથિત છે અને તેની ચાહમાં ભવ્ય મકબરો બંધાવી રહ્યા છે. એ જ રીતે ટેવરનિયર નામનો ફ્રાન્સનો ઝવેરી જે એ ગાળા દરમ્યાન ભારત આવ્યો હતો, તેણે પણ પોતાના સંસ્મરણો નોંધતા લખ્યું છે કે તાજમહેલ બાંધવાનું કામ ચાલી રહ્યું છે. આવો ભ્રમ પેદા થવાનું કારણ માત્ર એટલું જ છે કે રાજા શાહજહાંએ તે જમીન રાજા જયસિંહ પાસેથી ખરીદી હતી. હકીકતો જોઈએ તો ખ્યાલ આવે કે આ વાત સાચી હોઈ જ ન શકે. કારણ કે રાજા જયસિંહ વૈષ્ણવ હતા નહીં કે શૈવ અને તે સમયના વર્ણનો જોતાં જણાય છે કે નિયમિત રૂપે મજૂરોને પગાર

આપવા માટે અને આરસ મંગાવવા માટે પૈસા ખરચવામાં આવ્યા હતા. એક રીતે બાબરી મસ્જિદ-રામ જન્મભૂમિ વિવાદ વિશે પણ કહેવાય છે કે પહેલાં ત્યાં રામમંદિર હતું જેને તોડીને સેનાપતિ મીર બકીએ ત્યાં મસ્જિદ બનાવડાવી હતી. આ વાતનો આધાર અયોધ્યા ગેઝેટના એક વાકયમાં છે. આપણે જાણીએ છીએ કે અંગ્રેજો અહીંની પ્રજાની વફાદારીને પોતાની તરફ ખેંચવા માગતા હતા અને તે માટે તેઓ પ્રચાર કરતા કે અમે હિંદુઓને મુસલમાન શાસકોના અત્યાચારથી મુકત કરવા માટે આવ્યા છીએ. આ વિચારધારાને આધારે તેમણે ઘણી અફવાઓ ફેલાવી. તેમાંથી એક વાત એ પણ છે કે મુસલમાન રાજાઓએ અહીંના મંદિરો તોડયા છે. અયોધ્યા ગેઝેટ લખનાર મહિલા એ.એફ. બેવરેજે બાબરી મસ્જિદનું વર્ણન કરતાં શંકાનું બીજ રોપી દીધું કે કદાચ બાબરી મસ્જિદનો એકાદ ભાગ પહેલાં મંદિર હશે. કારણ કે મુસલમાન રાજાઓએ અહીંયા મંદિરો તોડયા હતા. આ જ શંકાને બાદમાં વિવાદનું રૂપ આપવામાં આવ્યું. પરંતુ હકીકત તો બાબરે જે પ્રકારે પોતાની વસિયતમાં દીકરા હુમાયુને તાકીદ કરી હતી તે જોતાં લાગે છે કે મંદિરોને નુકસાન પહોંચાડવું તેની નીતિઓમાં નહીં હોય. રાષ્ટ્રીય સંગ્રહાલયમાં રાખવામાં આવેલ બાબરની વસિયતમાં લખ્યું છે કે બેટા, હિંદુસ્તાનમાં ઘણા ધર્મો છે. અહીં આપણી હકુમત છે તે માટે હું અલ્લાહનો શુક્રગુઝાર છું. આપણા હૃદયમાંથી દરેક પ્રકારના ભેદભાવ મિટાવી દેવા જોઈએ. આ દેશના લોકોને જીતવા માટે ગૌહત્યાથી બચજો અને પ્રશાસનમાં લોકોને સામેલ કરજો. આપણા રાજ્યની સીમાઓમાં આવેલ ઈબાદતની જગ્યાઓ અને મંદિરોને નુકસાન ન પહોંચાડવું. શાસન કરવાનો એવો પ્રકાર શોધો જેથી લોકો બાદશાહથી અને બાદશાહ લોકોથી ખુશ રહે. ઈસ્લામ સારા કાર્યો દ્વારા ફેલાઈ શકે છે નહીં કે ડરથી. શિયા અને સુન્નીના ભેદોની ઉપેક્ષા કરો કારણ કે તે ઈસ્લામની નબળાઈ છે. વિભિન્ન રિવાજોમાં માનતા લોકોને એક છત નીચે લાવો. જેથી બાદશાહતનો કોઈપણ હિસ્સો બીમાર ન રહે. એ જ સમયકાળ દરમ્યાન ભારતના મહાન રામભકત ગોસ્વામી તુલસીદાસ અયોધ્યામાં જ રહેતા હતા. જો રામમંદિર તોડીને મસ્જિદ બનાવવામાં આવી હોત તો ચોક્કસ જ તેમણે પોતાની રચનામાં તેનો ઉલ્લેખ કર્યો હોત. એક બીજી વાત પણ વિચારવા જેવી છે કે હિંદુ પરંપરા અનુસાર કોઈપણ સ્ત્રી પોતાની પ્રથમ પ્રસૂતિ પિયરમાં જ કરે છે. રામ કૌશલ્યાના પ્રથમ પુત્ર હતા એટલે રામનો જન્મ અયોધ્યામાં થયો હશે તે કહેવું હિંદુ માન્યતાઓની વિરુધ્ધ છે. ઉપરાંત આજે પણ અયોધ્યામાં લગભગ પચાસેક મંદિરો છે જે એવો દાવો કરે છે કે ભગવાન રામનો જન્મ અહીં જ થયો હતો. એટલે એમ કહેવું સત્યથી વિપરીત હશે કે રામમંદિર તોડીને અહીં મસ્જિદ બનાવવામાં આવી છે.

ગોસ્વામી તુલસીદાસ સંદર્ભે એક બહુ મજાની વાત યાદ આવી. તુલસીદાસજી રામભકિતમાં લીન હતા. અને તેમણે પ્રથમવાર રામકથાને બોલચાલની ભાષા અવધિમાં લખી. તે સમયે બ્રાહ્મણો ફકત દેવભાષા સંસ્કૃતનો ઉપયોગ કરતા હતા. જ્યારે તુલસીદાસજીએ તેનાથી વિરુધ્ધ જઈને લોકબોલી અવધિનો ઉપયોગ કર્યો. તે કારણે તેમને નાત બહાર કરવામાં આવ્યા અને તેમને રામમંદિરમાં પ્રવેશવાની મનાઈ ફરમાવવામાં આવી. એક મહાન રામભકતને રામમંદિરમાં દર્શનથી વંચિત રાખવામાં આવ્યા છતાં આ રામભકતે પોતાની ભકિત માટે કોઈ ઢાંચાને નુકસાન ન પહોંચાડયું. પરંતુ તેઓ એક મસ્જિદમાં જઈને રહેવા લાગ્યા. તેમણે પોતાની આત્મકથા વિનય ચરિતાવલીમાં લખ્યું છે કે,

**તુલસી સરનામ ગુલામ હૈ રામ કો, જાકો રુચૈ સો કહે વોહૂ**
**માઁગ કે ખાઈબો મસ્જિદમાં રહિબો, લેબૈ કા એક ન દેબૈ કા દોઉ**

## ***સમન્વયકારી પરંપરા :***

આપણી મધ્યકાલીન સંસ્કૃતિને તદ્દન નજરઅંદાજ કરીને ફકત એ જ વાતોને આપણી સમક્ષ મુકાય છે જેનાથી બીજા ધર્મો પ્રત્યે ઘૃણાનો પ્રસાર થઈ શકે. તે સમયગાળા દરમ્યાન વિકસિત સંસ્કૃતિમાં ગંગા-જમની તહઝીબ એક નવા રૂપે સમાજમાં ઉપસી. એકબીજામાં ભળવું. ખાનપાન, રહેણીકરણી અને ભાષા તથા સંસ્કૃતિની વિભિન્ન શાખાઓનો વિકાસ થયો. કેટલાક સૂફી સંતોએ સ્થાનિક ભાષાઓના વિકાસાર્થે મોટું યોગદાન આપ્યું છે. જેમ કે બાબા ફરીદે પંજાબી ભાષાના વિકાસાર્થે ઘણી મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. ભકિત પરંપરા અને સૂફી પરંપરા એ ધર્મોની રૂઢિઓના વાડા ઓળંગી સામાન્ય જન માટે સકારાત્મક પ્રવાહોને જન્મ આપ્યો. દરેક શહેરમાં ભકિત પરંપરાના સંતોનો ઈતિહાસ મળી આવે છે. તેને માનનારાઓમાં હિંદુ અને મુસલમાન બંનેનો સમાવેશ થયેલો જોવા મળે છે. તે જ રીતે સૂફી સંતોને માનનારાઓમાં પણ બંને ધર્મોના લોકો મળી આવે છે.

સંત કબીર આ મિશ્ર (એકમેકની) પરંપરાના ઉચ્ચતમ શિખર છે. જેમકે બ્રાહ્મણો અને મુલ્લાઓના રૂઢિવાદની કઠોર ટીકા કરી અને સામાન્ય જનતા વચ્ચે એકતાનો સેતુ ટકાવી રાખ્યો. એ જ પ્રકારે સંત ગુરુનાનકે પણ બંને ધર્મોની સારી વાતોનો સ્વીકાર કર્યો. ગુરુગ્રંથ સાહેબે કબીરની વાણી, કુરાન અને હિંદુ ધર્મ ગ્રંથોને ઉચ્ચાસને બેસાડયા છે.

તેમને માટે તો એવું પણ કહેવાય છે કે બાબા નાનક સંત ફકીર હિંદુ કા ગુરુ, મુસલમાનકા પીર

મિત્રો ! ઈતિહાસનો સાંપ્રદાયિક દષ્ટિકોણ અંગ્રેજોએ પ્રથમવાર અહીં લાગુ કર્યો. તેમણે ઈતિહાસના કાલખંડોને રાજાઓના ધર્મ અનુસાર પ્રસ્તુત કર્યો. ઈતિહાસની આ સમજ આજે પણ પાકિસ્તાની પુસ્તકો અને ભારતની સાંપ્રદાયિક ચેતનામાં જોવા મળે છે. આ વિચારધારાને નષ્ટ કરીને એક માનવતાવાદી વિવેકપૂર્ણ ઐતિહાસિક વિચારધારાને અપનાવવી તે આપણે માટે પડકાર છે. સાથે જ સાંપ્રદાયિક રાજનીતિ સામે સંઘર્ષ કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું પણ.

## બ્રિટીશ સામ્રાજ્ય અને સામાજિક પરિવર્તન :

ચર્ચામાં આગળ વધતાં આપણે હવે પછી જોઈશું કે ભારતમાં બ્રિટિશરોના આગમન બાદ થયેલા પરિવર્તનો, રાષ્ટ્રવાદી રાજનીતિનો ઉદય અને તેની પ્રતિક્રિયા રૂપે સાંપ્રદાયિક રાજનીતિનો ઉદય અને વિકાસની પ્રક્રિયાને જોઈશું.

## સામાજિક રાજકારણનો ઉદય :

અંગ્રેજો ભારતમાં આવ્યા તે પહેલાં અહીંની સમાજરચનામાં કૃષિ અને કારીગીરી મુખ્ય હતા. અંગ્રેજોનો અહીં આવવાનો ઉદ્દેશ હતો કે અહીંથી કાચો માલ સસ્તા ભાવે લઈ જવો અને અહીં પોતાનો ઔદ્યોગિક માલ વેચવા માટે બજાર ઊભું કરવું. મજાની વાત તો એ છે કે તેમણે પોતાના આ ઉદ્દેશને છુપાવવા માટે જણાવ્યું કે તેઓ ભારતને સભ્ય બનાવવા માટે અહીં આવ્યા છે અને આ જવાબદારી તેમને ભગવાને સોંપી છે. સાથે જ હિંદુઓને મોગલોના અત્યાચારથી બચાવવા માટે તેઓ આવ્યા છે. અહીં આવ્યા બાદ પોતાના લક્ષ્યને પામવા માટે તેઓ નવા સંચાર માધ્યમો તથા આધુનિક શિક્ષણ પણ લઈ આવ્યા. જેને લીધે સમાજમાં નવા વર્ગો ઊભા થવા લાગ્યા. પ્રથમ તો એક નવો વ્યાપારી-ઉદ્યોગપતિ વર્ગ ઊભો થયો જેમણે અંગ્રેજોને કાચો માલ સપ્લાય કરવાનું શરૂ કર્યું. અને સાથે જ અહીં ઉદ્યોગોની સ્થાપનાની શરૂઆત થઈ. આ જ કારણે ટાટા, બિરલા, બજાજ જેવા નવા ઉદ્યોગપતિ વર્ગનું નિર્માણ થયું. શિક્ષણને લીધે શિક્ષિત વર્ગ પણ ઊભો થયો જે પ્રશાસનમાં કામ કરવા લાગ્યો. ઉદ્યોગોમાં કામ કરવા માટે ગામનો ગરીબ ખેડૂત મજૂર રૂપે જોડાયો. આ નવા વર્ગની માગણીઓ થોડી જુદી હતી. જેમકે ભારતીય ઉદ્યોગોને સરકાર તરફથી વધુ મદદ મળવી જોઈએ. બીજું આઈસીએસ (આઈએએસનું પૂર્વ રૂપ) પરીક્ષાના કેન્દ્રો ભારતમાં પણ હોય, જેથી અહીંના યુવાનોએ પરીક્ષા આપવા લંડન ન જવું પડે. તેમની ત્રીજી મુખ્ય માગ હતી કે જમીનદારો પર એક પ્રકારની ભૂ-સીમા લાગુ કરવામાં આવે, જેને લીધે કોઈ એક જમીનદાર પાસે વધુ જમીન ન રહે. અને આગળ જતાં ખેડે તેની જમીનનો સિધ્ધાંત લાગુ કરી શકાય. આ નવા ઊભા થતા વર્ગના નવા સંગઠનો બન્યાં. અને તેમાંથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (૧૮૮૫)નો જન્મ થયો. તેની સામે વિરોધ રૂપે અહીંના જમીનદારો, રાજાશાહી લોકોએ નવા સંગઠનની રચના કરી જેનું નામ હતું યુનાઈટેડ ઈન્ડિયા પેટ્રિયાટિક એસોસિએશન. આ સંગઠનમાં હિંદુ રાજા, મુસલમાન નવાબ, હિંદુ જમીનદાર અને મુસલમાન જાગીરદારો હતા. આ લોકોનું માનવું હતું કે ભારતીય કોંગ્રેસની માગણીઓમાં રાજદ્રોહ તથા બળવાની ગંધ આવે છે. અને રાજાની વિરુધ્ધ બળવો કરવો એ આપણા ધર્મની વિરુધ્ધ છે. એટલે તેમણે નક્કી કર્યું કે તે લોકો ભારતીયોમાં રાણી સરકાર (અંગ્રેજ સરકાર) પ્રતિ વફાદારીની ભાવના જાગૃત થાય તેવા કાર્ય કરશે. રાજા, જાગીરદારાના આ સંગઠનને અંગ્રેજોની તોડો અને રાજ કરોની નીતિએ બે ભાગમાં વહેંચી દીધું. પહેલો ભાગ આગળ જતાં મુસ્લિમ લીગમાં પરિવર્તિત થયો અને તેણે એવી માગ મૂકી કે મુસલમાન એક અલગ રાષ્ટ્ર છે એટલે મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં પાકિસ્તાનનું નિર્માણ થવું જોઈએ. જ્યારે હિંદુ રાજા, જમીનદારોનું સંગઠન પછીથી હિંદુ મહાસભાના રૂપે આગળ આવ્યું. આજ વિચારધારામાંથી આર.એસ.એસ.નો જન્મ થયો. તેમની માન્યતા હતી કે ભારત એક હિંદુ રાષ્ટ્ર છે અને અહીં બાકીના ધર્મમાં માનનારાઓએ હિંદુઓના હાથ નીચે રહેવું પડશે. કોંગ્રેસમાં મોટાભાગના લોકો ધર્મનિરપેક્ષ (બિનમજહબી) તંત્રમાં માનતા હતા. અને એવું માનનારા દરેક ધર્મના લોકો હતા. તેમની પ્રાથમિક માગ હતી અંગ્રેજ સત્તાને હટાવી અહીં ભારતીય રાજ્ય, ઈન્ડિયન નેશનની સ્થાપના થાય. આ સંગઠનમાં નાગરિકતાને પ્રાથમિકતા આપવામાં આવી અને ધર્મને વ્યકિતગત મામલો હોવાનું માન્ય રાખ્યું, આ પ્રવાહમાં સમાજના દરેક વર્ગ, જાતિ અને ધર્મના સ્ત્રી-પુરુષો સામેલ હતાં.

અગ્રેજોની તોડો અને રાજ કરોની નીતિને કારણે મુસ્લિમ લીગને મુસલમાનોનું પ્રતિનિધિ તથા હિંદુઓના પ્રતિનિધિત્વ માટે કોંગ્રેસ અને હિંદુ મહાસભાના નેતાઓને ચૂંટવામાં આવ્યા. વાસ્તવમાં તો મોટાભાગના મુસલમાન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને જ માનતા હતા. કેટલીય વાર પંડિત જવાહરલાલ નહેરુએ અધિકારપુર્ણ રીતે કહ્યું કે ફકત ભારતીય

રાષ્ટ્રીય કોંગ્રેસ જ જનતાના બહુસંખ્યક હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે. હિંદુ મહાસભાને કદીય ચૂંટણીમાં ૧.૬ ટકાથી વધુ વોટ નથી મળ્યા અને મુસ્લિમ લીગને ૧૯૪૬ની ચૂંટણીમાં ફકત ૩.૬ ટકા મુસલમાનોએ વોટ આપ્યા હતાં. ધર્મ રાષ્ટ્રનો આધાર હોઈ શકે છે તેવું મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભાનું માનવું હતું. ૧૯૩૮માં ભાઈ પરમાનંદે કહ્યું કે શ્રી ઝીણાનું કહેવું છે કે દેશમાં બે રાષ્ટ્ર છે. જો ઝીણા સાચા હોય તો, અને હું માનું છું કે તેઓ છે જ. તો એક રાષ્ટ્ર બનાવવાનો કોંગ્રેસનો સિધ્ધાંત બેકાર છે. સમસ્યાના બે ઉકેલ છે. દેશનું બે ભાગમાં વિભાજન, બીજું દેશની અંદર જ એક મુસ્લિમ દેશને ઉભરવા દેવો. જ્યારે ૧૯૪૦માં લાહોરમાં મુસ્લિમ લીગે પાકિસ્તાન પ્રસ્તાવ પાસ કર્યો ત્યારે દિલ્હી અને અન્ય શહેરોમાં ગરીબ મુસલમાનોએ તેની સામે વિરોધ કરતાં પ્રદર્શનો મોટેપાયે યોજ્યા હતા. મૌલાના અબ્દુલ કલામ આઝાદ,ખાન અબ્દુલ ગફ્ફારખાન, દેવબંદી અને બરેલીના ઉલેમા., આ બધાઓએ ગાંધીજીના ભારતીય રાષ્ટ્રવાદનું સમર્થન આપ્યું હતું. કમનસીબે મુસ્લિમ લીગ દ્વારા ઈસ્લામ ખતરામાં છે તેવા નારાનો ઉપયોગ કરવાને લીધે કેટલાય મધ્યમવર્ગીય મુસલમાનોએ પણ પાકિસ્તાનની માગનું સમર્થન કર્યું.

***<u>દેશનાં દુર્ભાગ્યપૂર્ણ ભાગલા :</u>***

છતાંય વિભાજનની પ્રક્રિયા માટે ઘણા તત્ત્વો જવાબદાર છે. ૧૯૪૨માં ક્રિપ્સ મિશનના પ્રસ્તાવ પર કોંગ્રેસ અને મુસ્લિમ લીગ બંનેમાં સહમતી સધાઈ હતી. તે અનુસાર કેન્દ્ર સરકાર પાસે ફકત રક્ષા, સંચાર, મુદ્રા અને વિદેશી ખાતા રહેશે અને બાકીના બધા વિભાગો રાજ્ય સરકાર પાસે રહેશે. આગળ જતા પંડિત નહેરુ અને સરદાર પટેલે આ પ્રસ્તાવમાં બદલાવની સંભાવનાને નકારી નહી. પંડિતજી ભૂસુધાર તથા ભારે ઉદ્યોગ ક્ષેત્રમાં ઘણો રસ ધરાવતા અને તેમને લાગ્યું કે શકિતશાળી કેન્દ્ર સરકાર સિવાય આ ક્ષેત્રમાં વિકાસ થવો શકય નથી. સરદાર પટેલ પણ સક્ષમ કેન્દ્ર સત્તાના પક્ષમાં હતા. મુસ્લિમ લીગ અને કોંગ્રેસની વચ્ચે મતભેદ વધતા ગયા. અને વિભાજનની દુઃખદ પ્રક્રિયાએ ઉપમહાદ્વીપને અંધકાર ભર્યો બનાવી દીધો. ગાંધીજી પણ આ પ્રક્રિયાને રોકી ન શકયા કારણ અંગ્રેજો પણ પોતાની રમત રમી રહ્યા હતા. તેઓ વિભાજિત ભારત ઈચ્છતા હતા, જેથી આ વિસ્તારો પર સામ્રાજ્યવાદી તાકાતોનો મરતબો જળવાઈ રહે.

વિભાજનને લીધે મોટા સ્તરે સાંપ્રદાયિક હિંસાઓ થઈ અને થોડા ઘણા મુસલમાન-હિંદુઓ બીજા વિસ્તારોમાં ગયા. મોટાભાગના મુસલમાનો અહીં જ રહ્યા. ફકત થોડો ઘણો સંભ્રાંત વર્ગ જે ખાસ કરીને નોકરી અને ઉદ્યોગો સાથે સંકળાયેલ વર્ગ પાકિસ્તાન જઈ શકયો. ત્યાં પણ આ મુસલમાનોની હાલત કંઈ બહુ સારી નથી. એક ધર્મના લોકો એક દેશમાં શાંતિથી રહી શકે તે ભ્રમ નઠારો નીકળ્યો. ભારતથી ગયેલા મોટાભાગના મુસલમાનોને ત્યાં નફરતભરી દષ્ટિથી જોવામાં આવતા. આજે પણ અહીંથી જનારા મુસલમાનો કેટલીક જગ્યાઓમાં સીમિત જિંદગી વીતાવી રહ્યા છે અને પોતાના અધિકારો માટે આંદોલન ચલાવી રહ્યા છે. બે દેશનો સિદ્ધાંત અને ધર્મ રાષ્ટ્રનો આધાર હોઈ શકે તે વાત ખોટી છે. તેવું ફરીથી સાબિત થયું જ્યારે બંગલાદેશ, પાકિસ્તાનથી છૂટો પડયો. પાકિસ્તાન ઉપર પંજાબના મુસલમાનોનો પ્રભાવ વધારે હતો અને તેઓ સમગ્ર પાકિસ્તાન પર પંજાબી સંસ્કૃતિને લાદવા માગતા હતા. તેમણે ઉર્દૂને રાષ્ટ્રભાષા ઘોષિત કરી તેથી બંગાલી મુસલમાનોએ વિદ્રોહ કર્યો. તેના પરિણામ સ્વરૂપ બંગલાદેશ ઊભો થયો. આપની જાણ ખાતર બંગલાદેશમાં આજે પણ ગુરુ રવિન્દ્રનાથ ટાગોરના ગીત અને સંગીત ઘણા લોકપ્રિય છે.

આમ આપણે જોઈ શકીએ છે કે આઝાદીના આંદોલન દરમ્યાન રાષ્ટ્રની મુખ્ય ધારાઓએ ગાંધીજીના નેતૃત્વ હેઠળ થતા આંદોલનોમાં પૂરો સહકાર આપ્યો હતો. આ વિચારધારા ધર્મનિરપેક્ષતાના આધાર પર ઊભી હતી. તેમાં સમાજનો આધુનિક વર્ગ, ઉદ્યોગપતિ, નવા વ્યાપારીઓ, શિક્ષિત વર્ગ, મજૂરો, દલિતો અને મહિલાઓ સામેલ હતાં. બીજી તરફ સાંપ્રદાયિક રાજનીતિ રાષ્ટ્રીય આંદોલનથી દૂર રહી. અને તેમાં એવા જ થોડા ઘણા લોકો હતા જેમના સંબંધો જમીનદારો અને રાજાઓ સાથે હતા. અથવા ઉચ્ચ નોકરિયાત વર્ગના એ મુસલમાનો જેમને પાકિસ્તાન બન્યા બાદ નોકરીમાં બઢતીનો ફાયદો થવાનો હતો. બંને સાંપ્રદાયિક રાજનીતી હિંદુ અને મુસલમાન આમ જોવા જઈએ તો એકબીજાની વિરોધી દેખાય છે પરંતુ બંનેની વિચારધારામાં ઘણું જ સામ્ય છે.

૧. બ્રિટીશ સંસ્થાનવાદી શાસન વિરુધ્ધ કોઈ સંઘર્ષ ન કર્યો.

૨. બીજા સમુદાય વિરુદ્ધ નફરતના આધારે પોતાના સમુદાયને એકત્ર રાખવો.

૩. તેમનો વિકાસ પણ બીજા સમુદાયની સાથે જ થયો હોય છતાંય હમેશાં એવું કહેવું કે તેઓ બીજાની સાંપ્રદાયિકતાને જવાબ આપી રહ્યા છે.

૪. તેમનો સામાજિક આધાર એક સરખો હતો. તેમના પોતાના સમુદાયના જમીનદારો, મહાજન, વ્યાપારી, ઉચ્ચ નોકરી કરનાર વર્ગ અને મધ્યમ વર્ગ.

૫. એકબીજા માટે તથા કોંગ્રેસના ધર્મનિરપેક્ષ રાષ્ટ્રવાદ અથવા કોઈપણ જાતના રાષ્ટ્રવાદ તરફ નફરત.
૬. દ્વિરાષ્ટ્ર સિદ્ધાંત :
અ) મુસ્લિમ સંપ્રદાયવાદી : મુસ્લિમ બહુમતી ધરાવનાર દેશ જ મુસલમાનોના હિતની રક્ષા કરી શકે છે.
બ) હિંદુ સંપ્રદાયવાદી : આ દેશ હિંદુઓનો છે અને મુસલમાનો હિંદુઓની દયા પર રહે.

## કાશ્મીર સમસ્યા :

હવે આપણે કાશ્મીર મુદ્દા પર થોડી વાત કરીશું. અંગ્રેજોના રાજમાં ભારતનો લગભગ ૪૦ ટકા ભાગ નવાબો અને રાજાઓના નિયંત્રણમાં હતો. તેને રાજ્ય કહેવાતું. આઝાદી પછી તેમની સામે ત્રણ વિકલ્પ હતા. પ્રથમ એ કે તેઓ ભારત સાથે ભળી જાય અથવા તો પાકિસ્તાન સાથે ભળે અથવા આઝાદ રહે. નિર્ણય લેવા માટે તેમને માર્ગદર્શન રૂપે કેટલાક સિદ્ધાંતોની સમજ આપવામાં આવી હતી. જેમ કે તેમણે પોતાની ભૌગોલિક પરિસ્થિતિ અને લોકોની ઈચ્છાઓને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ. જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીર. આ ત્રણ રાજ્યોએ નિર્ણય લેવાની કોઈ મરજી ના દર્શાવી. કાશ્મીરના રાજા હરિસિંહ હતા અને ત્યાંની મોટા ભાગની પ્રજા મુસલમાન હતી. હરિસિંહ કાશ્મીરને ભારતનું સ્વિત્ઝરલેન્ડ બનાવવા માગતા હતા. તેમણે વિચાર્યું કે જો કાશ્મીર સ્વતંત્ર રહે તો પર્યટન ઉદ્યોગને ઘણો વિકસાવી શકાય. આ બાબતે તેઓ ભારત અને પાકિસ્તાન બંને સાથે મૈત્રી કરાર કરવા માગતા હતા.

કોઈ નિર્ણય લેવાય તે પહેલાં જ પાકિસ્તાને કબાલીઓની મદદ વડે કાશ્મીર પર હુમલો કરી દીધો. મહારાજા હરિસિંહ શ્રીનગર છોડી ચાલ્યા ગયા અને તેમણે પ્રશાસનની જવાબદારી નેશનલ કોન્ફરન્સના વડા શેખ અબ્દુલ્લા પર મૂકી દીધી. કાશ્મીરી પ્રશાસને પાકિસ્તાની આક્રમણ ખાળવા માટે ભારત સરકારની મદદ માગી. ભારત સરકારે કાશ્મીરને ભારત સાથે જોડવાની એકસેશન કરાર પર હસ્તાક્ષર કર્યા.

એ અનુસાર કાશ્મીરમાં અલગ વિધાનસભા, અલગ વડાપ્રધાન અને અલગ રાજ્ય હોવાની જોગવાઈ હતી. આર્ટિકલ ૩૭૦ને પણ સામેલ કરાયો અને નક્કી થયું કે ભારતની કેન્દ્રીય સરકાર કાશ્મીરની અંદરની બાબતોમાં દખલ નહીં દે અને ફક્ત વિદેશી બાબત, સંચાર, મુદ્રા અને સુરક્ષા ખાતા જ તેમના નિયંત્રણમાં રહેશે. આ શરતોને આધારે ભારત સરકારે કાશ્મીરમાં સૈન્ય મોકલ્યું અને પાકિસ્તાની આક્રમણને અટકાવ્યું. તે છતાં કાશ્મીરનો એક તૃતીયાંશ ભાગ પાકિસ્તાની સૈન્યના તાબામાં આવી ગયો હતો. લોર્ડ માઉન્ટ બેટનની સલાહ અનુસાર ભારતે આ મુદ્દાને યુનાઈટેડ નેશન્સ સમક્ષ મૂકયો. ત્યાં જનમત સંગ્રહની વાત થઈ. હજી સુધી આ જનમત સંગ્રહ થઈ શકયો નથી.

દરમ્યાન ભારત સરકારે કાશ્મીરની અંદર માથું મારવાની શરૂઆત કરી. બે વિધાન, બે પ્રધાનના સિદ્ધાંતને ખતમ કરી કાશ્મીરમાં વડાપ્રધાનને સ્થાને મુખ્યપ્રધાનના હોદ્દાને અમલમાં લવાયો. ભારતીય સંવિધાનના મોટાભાગની ધારાઓને કાશ્મીરમાં લાગુ કરવામાં આવ્યા. વારંવાર કાશ્મીરના મુખ્યપ્રધાનને લાંબા સમય સુધી જેલમાં રાખવામાં આવ્યા. જેને કારણે ત્યાં લોકતંત્રની પ્રક્રિયા નબળી પડવા લાગી. કાશ્મીરની સંસ્કૃતિ પર પણ કુઠારાઘાત થયા. ૧૯૮૦ના દશકમાં જેવું ભારતમાં સાંપ્રદાયિક રાજનીતિનું જોર વધ્યું તેવું જ કાશ્મીરમાં બહારના ત્રાસવાદીઓને વધુ સમર્થન મળવા લાગ્યું. આંતરિક ત્રાસવાદીઓ પણ તેમની રમતમાં ભળી ગયા, આમ કાશ્મીરના લોકોની સમસ્યા વધવા માંડી. રાજ્યપાલ જગમોહનના રાજ્યકાળમાં કાશ્મીરી પંડિતોને મોટી સંખ્યામાં ઘાટીની બહાર જવા માટે સાધનો આપવામાં આવ્યા હતા. આમ કાશ્મીરી પંડિતોની સમસ્યા એક દુખદ સ્વરૂપે આખા દેશ સમક્ષ આવી. કાશ્મીરની પરંપરામાં કાશ્મીરીયત શબ્દ એક તાલમેલ ધરાવતી સંસ્કૃતિનું પ્રતીક છે અને કાશ્મીરની સભ્યતા બંને ધર્મોના યોગદાન પર આધારિત છે. જે સમસ્યા ભારત, પાકિસ્તાન અને બહારના આતંકવાદને લીધે શરૂ થઈ છે તેને હિંદુ-મુસલમાનની સમસ્યાના નામે રજૂ કરાય છે.

## ચાર બીબીયો, ૨૦ સંતાનો :

આજની સામાજિક ચેતનામાં અલ્પસંખ્યકો માટે જે બીજી માન્યતાઓ છે તે ઈસ્લામના ચરિત્ર, સમાન નાગરિક કાયદો, આતંકવાદ અને તેમની જનસંખ્યાના પ્રકાર સાથે જોડાયેલી છે. એવું કહેવાય છે કે મુસલમાનો ચાર-ચાર વાર લગ્ન કરે છે અને તેમના પરિવારોમાં બાળકોની સંખ્યા વધારે હોય છે એટલે એક દિવસ આ દેશમાં ઈસ્લામ સૌથી મોટો ધાર્મિક સમૂહ બની જશે. જયારે આપણે તેમની જનસંખ્યા વિશે વાત કરીએ છીએ તો જનગણનાના રાષ્ટ્રીય આંકડા જોતા ભારતમાં મુસલમાનોની સંખ્યા ૧૨ ટકાની આસપાસ છે. સાથે જ પુરુષ-સ્ત્રીની મોજણી દર્શાવે છે કે સમાજમાં હજાર પુરુષોની સામે સ્ત્રીઓની જનસંખ્યા કેટલી છે. ભારતમાં હજાર મુસલમાન પુરુષની સામે ૯૩૧ મહિલાઓ હોય છે. એટલે દરેક પુરુષ લગ્ન ન કરી શકે. આમ જોઈએ તો પછાત દેશોમાં મોટેભાગે લૈંગિક અસમાનતાને લીધે સ્ત્રીઓની

જનસંખ્યા પુરુષોની સંખ્યા કરતા ઓછી હોય છે. છતાંય પુરુષપ્રધાન સમાજમાં ઘણા પુરુષો એકથી વધુ લગ્નો કરે છે. બહુપત્નીત્વનું પ્રમાણ ભારતમાં હિંદુઓ અને મુસલમાનોમાં લગભગ સરખુ જ છે. હિંદુઓમાં આ પ્રમાણ ૫.૮ ટકા જ છે. તો મુસલમાનોમાં આ પ્રમાણ ૫.૭ ટકા છે. કેટલાક લોકો કહે છે કે કુર્આનમાં તો ચાર ચાર વાર લગ્ન કરવાની અનુમતી આપવામાં આવી છે અને મુસલમાનોમાં એકથી વધુ લગ્ન કરવા તે અપરાધ નથી. જ્યારે હિંદુઓમાં તે અપરાધ ગણાય છે.

એ સાચું છે કે હઝરત પયગંબર (સ.અ.વ.) સાહેબે એકથી વધુ લગ્ન કરવાની અનુમતી આપી હતી. પરંતુ આ અનુમતી તે સમય માટે હતી જ્યારે સ્ત્રીઓની સંખ્યા પુરુષોની સંખ્યા કરતાં વધારે હતી. કારણ કે ત્યારે આંતરિક લડાઈને લીધે મોટાભાગના પુરૂષો લડાઈમાં માર્યા જતા. જેને લીધે સમાજમાં વિધવાઓની સંખ્યા ઘણી રહેતી. કેટલાક શકિતશાળી પુરુષો ઘણી મહિલાઓને પોતાની પત્ની બનાવીને રાખતા. એટલે જ હઝરત (સ.અ.વ.) સાહેબનો સંદેશ એ માટે હતો કે કોઈએ પણ ચારથી વધુ લગ્નો ન કરવા જોઈએ અને આ ચાર લગ્નોમાં પણ ચારેય પત્નીઓને સમાન ન્યાય મળવો જોઈએ. આ તે સમયની વાત છે. પણ આજે મોટાભાગના મુસ્લિમ દેશોમાં એકથી વધુ લગ્ન કરવાને કાયદાકીય રીતે ગુનો ગણાય છે અને આ પ્રથા લગભગ બધા જ દેશોમાંથી ખતમ થઈ ચૂકી છે.

એ જ પ્રકારે પરિવારમાં બાળકોની સંખ્યા ધર્મ પર આધારિત ન રહેતા, શિક્ષણ અને સામાજિક વિકાસના સ્તર પર આધારિત છે. કેરળના મુસ્લિમો અને ઉત્તરપ્રદેશના મુસ્લિમોના પરિવારોમાં બાળકોની સંખ્યા ઘણી જુદી છે. આજે કેરળના મુસ્લિમ પરિવારોમાં બે તથા બેથી પણ ઓછા બાળકો હોય છે. બીજી તરફ સમાજમાં મુસ્લિમ સિવાયના અશિક્ષિત અને ગરીબ પરિવારોમાં બાળકોની સંખ્યા વધુ હોય છે મોટેભાગે એમ કહી શકાય કે મુસ્લિમ અને દલિતોના પરિવારમાં થનારા બાળકોની સંખ્યા સરખી હોય છે.

હવે આપણે સામાન્ય નાગરિક કાયદાના મુદ્દાઓ વિશે વાત કરીશું. સૌ પ્રથમ તો સમાન નાગરિક કાયદો શું છે ? તે સમજવાની જરૂર છે. કાયદા બે પ્રકારના હોય છે. એક તો ગુના સંબંધી અને બીજો પારિવારિક મામલા સંબંધે. ગુનાસંબંધિત કાયદો આપણા દેશમાં દરેક સમુદાય માટે એક સમાન છે. જ્યારે દરેક સંપ્રદાયોના પરિવાર સંબંધિત કાયદાઓ જુદા છે. તેમાં સુધારો લાવવાનો પ્રયત્ન થવો જોઈએ. પરંતુ કાયદો કોઈના પર થોપીને સુધારો ન લાવી શકાય તે માટે સમાજમાં મૂળથી જાગૃતિ લાવવાની જરૂર છે. કોઈ પણ સમાજમાં આ ત્યારે જ શકય થઈ શકે જ્યારે દેશમાં સમાજ પોતાને સુરક્ષિત અનુભવે, નહીં તો મુલ્લાઓ અને બીજા અંધવિશ્વાસોના સકંજામાં આવવાથી એટલો જ રૂઢિવાદી બની જાય છે. ભારતમાં સ્વતંત્રતા મળ્યા બાદ થયેલા તોફાનોમાં હજારો નિર્દોષ લોકો માર્યા ગયા છે. આ માર્યા જનારામાં ૮૦ ટકા લોકો મુસ્લિમ હતા. તેને કારણે મુસ્લિમ સંપ્રદાયમાં અસલામતીની ભાવના વધી ગઈ છે. આમ પણ સમાજમાં પ્રાથમિક સુવિધાઓ અને નોકરી, વ્યાપાર ક્ષેત્રે પણ ઘણી ખરાબ હાલત છે. સેંકડો યુવાનો બેકાર થઈ રહ્યા છે. આ ક્ષેત્રમાં પણ મુસ્લિમોની હાલત વધુ ખરાબ છે એ કારણે પણ તેમનામાં અસલામતીની ભાવના વધુ દૃઢ બની રહી છે. ઝીણવટથી જોઈએ તો ૧૯૯૨-૯૩ના બાબરી વિધ્વંસ અને સાંપ્રદાયિક તોફાનો બાદ મુસ્લિમ સમાજમાં પુરાતન-પંથીઓનો પ્રભાવ વધી રહ્યો છે. જેઓ સમાજમાં સુધારો લાવવાના પ્રયત્નો કરતા હતા તેમણે પીછેહઠ કરવી પડી. ૧૯૯૨-૯૩ પહેલાં મુસ્લિમ મહિલાઓનો મોટો વર્ગ મૌખિક તલાક અને બહુપત્નીત્વના વિરોધમાં આંદોલનનો પ્રભાવ વધારી રહ્યા હતા. પરંતુ ભયાનક હિંસા પછીથી એવા પ્રગતિશીલ આંદોલનોનો અવાજ ધીમો થતો રહ્યો અને સામાજિક સુધારની સંભાવનાને ઘણું નુકસાન થયું.

## ***અલ્પસંખ્યકોનો તુષ્ટીકરણ :***

એવું પણ કહેવાય છે કે ભારતમાં મુસ્લિમોને પંપાળવામાં આવે છે. આમ જોઈએ તો પંપાળવાનો આરોપ ઈસવીસન ૧૮૯૦થી લગાવવામાં આવી રહ્યો છે. હિંદુ સાંપ્રદાયિક નીતિમાં એવું કહેવાય છે કે કોંગ્રેસ જ્યારે ભારતના દરેક લોકોની વાત કરે છે તે હિંદુ હિતની વિરુધ્ધ છે. અને મુસ્લિમોને ખુશ કરાય છે. આજ રીતે ગાંધીજી પર પણ હમેશાં આરોપ મુકાયા છે કે તેમની મુસ્લિમ તરફી નીતિને લીધે જ ભારતના ભાગલા પડયા વગેરે... પરંતુ આજે આપણે જે મુસ્લિમોની સ્થિતિ જોઈએ તો મોટાભાગનો મુસ્લિમ વર્ગ, અશિક્ષિત, બેકાર અને ગરીબીમાં સબડી રહ્યો છે અશિક્ષિત લોકોમાં મુસ્લિમોનું પ્રમાણ બીજી જાતિ કરતાં વધારે છે. નોકરીઓમાં અને વ્યાપારમાં તેમનું પ્રતિનિધિત્વ ફકત નામનું જ છે. ઉદાહરણ તરીકે પ્રથમ વર્ગની નોકરીઓમાં ફકત ૩.૧૯ ટકા જ મુસ્લિમો છે. બીજા વર્ગમાં ૪.૩૦ અને ચોથા વર્ગમાં ફકત ૮.૧૬ ટકા જ છે. આઈએએસની સેવાઓમાં ફકત ૨.૧૪ ટકા મુસ્લિમો છે. ૧૯૮૦માં ફકત ૧.૫ ટકા

મુસ્લિમોને ઔદ્યોગિક પરવાના અપાયા. ૧૯૮૧ એમબીબીએસ પાસ કરનારાઓમાં ફકત ૩.૪૪ ટકા મુસલમાન હતા. આ પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે મોટાભાગનો મુસ્લિમ સમાજ આર્થિક વિકાસ સંદર્ભે પાછળ જઈ રહ્યો છે. સરકારની નીતિઓમાં ફકત મુલ્લાઓ અને રૂઢિવાદીઓનું જ ધ્યાન રાખવામાં આવ્યું છે, સામાન્ય મુસ્લિમ જનોનું નહીં.

## ***ઈસ્લામ અને આતંકવાદી :***

એવું પણ કહેવાય છે કે મુસ્લિમો વધારે જુનવાણી હોય છે, આતંકવાદી હોય છે અને પોતાની સ્ત્રીઓ પર વધુ અત્યાચાર પણ કરે છે. આમ જોતાં આ વાત ભલે સાચી લાગે પણ આ બાબતોનો સંબંધ ધર્મથી વધારે સમાજની સામાજિક સલામતી પર આધારિત છે. મુસ્લિમોમાં પણ વિવિધ પ્રવાહ છે. એક તરફ તેઓમાં પ્રગતિશીલ અને આધુનિક મુસ્લિમો છે તો બીજી તરફ જુનવાણી વિચારધારા ધરાવનાર પણ છે. આજે સમગ્ર વિશ્વમાં લગગભ ૨૦૦ કરોડ મુસ્લિમો છે. જો આપણે મલેશિયા, ઈરાક, ઈજિપ્ત અને અફઘાનિસ્તાન સાથે સરખામણી કરીએ તો આપણને ઘણો મોટો ફરક દેખાશે. જ્યાં પણ લોકતંત્રની પ્રક્રિયાના વિકાસમાં મુશ્કેલી નથી આવી ત્યાં સમાજના લોકો ઉદારમતવાદ અને આધુનિકતા પ્રતિ ગતિ કરી રહ્યા છે. ભારતમાં પણ ૧૯૯૧-૯૨ સુધી મુસ્લિમ સમાજનો એક ઘણો મોટો ભાગ આધુનિકતા તરફ આગળ વધી રહ્યો હતો. ઈરાક, મલેશિયા, ઈન્ડોનેશિયા જેવા દેશોમાં મુસ્લિમ નારીઓ સમાજના દરેક ક્ષેત્રમાં પુરુષોની બરાબરી કરતી નજરે ચઢે છે. જ્યાં પણ લોકતાંત્રિક પ્રક્રિયાઓને વિકસિત થતાં રોકવામાં આવી છે ત્યાં મુલ્લાઓએ પોતાની પકડ મજબૂત કરી જુનવાણી મૂલ્યોને સમાજ પર થોપ્યાં છે. ઈસ્લામની સમજ જુદા જુદા પ્રકારે સામે આવે છે. કેટલાક લોકો ઈસ્લામને ઉદાર શાંતિપ્રિય ધર્મ રૂપે રજૂ કરે છે તો જે દેશમાં મુલ્લાઓનો સત્તા પર પ્રભાવ છે અને ત્યાં પુરાતન મૂલ્યોને ઈસ્લામના રૂપે રજૂ કરાય છે. સ્ત્રીઓ પર દમન અને અત્યાચાર, ધર્મના નામે ચાલતું રાજકારણ ભયગ્રસ્ત સમાજમાં વધુ પ્રમાણમાં થાય છે. જ્યાં સુધી આતંકવાદનો સવાલ છે ત્યાં સુધી કોઈપણ ધર્મ નિર્દોષ વ્યકિતઓને હણવાની પરવાનગી નથી આપતો. આતંકવાદની વ્યાખ્યા આમ તો ઘણા પ્રકારે થઈ શકે પરંતુ સામાન્ય ખ્યાલ મુજબ કોઈપણ નિર્દોષને રાજકીય સ્વાર્થ ખાતર મારવો તથા ડરાવવો એ આતંકવાદનું મુખ્ય લક્ષણ છે. આતંકવાદની શરૂઆત બીજા વિશ્વયુધ્ધ પછી વધારે મોટે પાયે શરૂ થઈ છે. આ બાબત ઈસ્લામ સુધી જ સિમીત નથી પરંતુ અલગ અલગ ધર્મોના લોકોએ પોતાની રાજનૈતિક પરિસ્થિતિઓ અનુસાર આતંકવાદનો સહારો લીધો છે. ૧૯૪૨માં એક યહુદીએ કેરોની એક હોટલ પર બોમ્બ ફેંકયો હતો જેમાં ઘણા લોકો માર્યા ગયા હતા. એ જ રીતે તિમથી મૈકવે નામના એક ઈસાઈએ ઓકલોહામાં પર બોમ્બવર્ષા કરી લગભગ ૩૦૦ લોકોને મારી નાખ્યા હતા. તે જ રીતે એલટીટીઈ નામના આતંકવાદી જૂથે શ્રીલંકામાં સેકડો નિર્દોષોને મારી નાખ્યા છે. તેમાં આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીનો પણ સમાવેશ થાય છે. એલટીટીઈમાં માનનારાઓ મોટેભાગે હિંદુ છે. તે જ રીતે ખાલિસ્તાનના આંદોલન સમયે ઘણા શીખ સંગઠનોએ આતંકવાદનો સહારો લીધો હતો.

બીજા વિશ્વયુધ્ધ પછી ઈઝરાયેલનો જન્મ એ આતંકવાદને પોષવાનું સૌથી મોટું કારણ હતું. ઈઝરાયેલ બનવાને લીધે લગભગ ૯ લાખ આરબ મુસ્લિમ અને ઈસાઈઓએ બેઘર થઈ શરણાર્થી બનીને બીજા દેશોમાં આશરો લેવો પડયો હતો. તેમાંથી આતંકવાદના બીજ રોપાયાં અને પછીથી તો તે ખતરનાક ઝેર બની ફેલાયો. આતંકવાદને પ્રેરિત કરવામાં સામ્રાજયવાદી દેશોએ પણ મહત્ત્વની ભૂમિકા નીભાવી સામ્રાજયવાદીઓનો હમેશાં એવો ઉદ્દેશ રહ્યો છે કે દુનિયાભરના કાચા માલ પર તેમનું નિયંત્રણ હોય. તે માટે જે ક્ષેત્રમાં તેલ વિપુલ પ્રમાણમાં હોય ત્યાં જો લોકશાહી પ્રક્રિયા મજબૂત થઈ રહી હોય તો તેને ખાસ કરીને અમેરિકાએ, લોકશાહી સરકારોનો તખ્તો પલટાવીને ત્યાં પોતાના પિઠ્ઠુઓને સત્તા પર બેસાડી દીધા. તેનું સૌથી મોટું ઉદાહરણ ઈરાનમાં જોવા મળે છે. જ્યાં ૧૯૪૩માં લોકતાંત્રિક રીતે ચૂંટવામાં આવેલી સરકારના વડા મુસાદ્દેકે જ્યારે તેલના કૂવાઓનું રાષ્ટ્રીયકરણ કર્યું ત્યારે તેમની સત્તાને ઉખેડી નાખવામાં આવી. તે જ રીતે અફઘાનિસ્તાનમાં સોવિયેત સૈન્યને માત કરવા માટે અમેરિકાએ આતંકવાદીઓને પ્રશિક્ષણ આપવા માટે ઘણા કેન્દ્રો ખોલ્યાં અને પાકિસ્તાનના માધ્યમથી કેટલાય આતંકવાદીઓ જેમાં લગભગ ૬ લાખથી વધારે ઈરાકીઓએ જાન ગુમાવ્યો હતો. આ બધાની પ્રતિક્રિયા રૂપે ઘણા દિગ્ભ્રાંત યુવાનોને ઈસ્લામના નામ પર, જેહાદના નામ પર આતંકવાદી બનાવાયા. આજ આતંકવાદીઓમાંથી કેટલાકે કાશ્મીરમાં આવી કાશ્મીર સમસ્યાને વધુ જટિલ બનાવી દીધી. જ્યાં પણ લોકતાંત્રિક પ્રક્રિયાને કચડી નાખવામાં આવે છે ત્યાં અસંતોષની અભિવ્યકિત કેટલીક ખોટી રીતે બહાર આવે છે. આતંકવાદ પણ તેમાંથી એક છે. ઈસ્લામના જાણકારો કહે છે કે ઈસ્લામમાં જણાવ્યા પ્રમાણે એક પણ નિર્દોષ વ્યકિતને મારવી તે સમગ્ર માનવજાતને મારવા બરાબર છે. તો આજે જે આતંકવાદ વિશ્વમાં ઈસ્લામના નામે દેખાય છે. તેમાં

ઈસ્લામમાં માનનારાઓનું તેલનો જથ્થો ધરાવનાર વિસ્તારમાં હોવું એક મહત્ત્વપૂર્ણ કારણ છે. કારણ અમેરિકન સામ્રાજ્યવાદ આ વિસ્તારોના તેલના કૂવાઓ પર કબજો જમાવવા માટે ત્યાંના શેખો અને મુલ્લાઓને પ્રેરિત કરે છે. જેના વિરોધમાં અસંતુષ્ટ યુવાનો ખોટા રસ્તાને પસંદ કરે છે અને તેને જ પોતાનો ધર્મ માને છે, જે એકદમ ખોટું છે. જેમ કે તાલિબાન-અફઘાનિસ્તાનમાં તેઓ સ્ત્રીઓ પર અત્યાચાર, દમન, સમાજમાં લોકતંત્રનું દમન અને માનવ અધિકારોનું ઉલ્લંઘન બધું એક સાથે કરે છે. જે દેશોમાં ઈસ્લામમાં માનનારા અસલામતીભર્યું જીવન જીવે છે ત્યાં પણ મુલ્લાપંથીઓને લીધે સ્ત્રીઓ પર પ્રતિબંધો લાદવામાં આવે છે તો સમસ્યા ધર્મની ન રહેતા એક રાજકીય, સામાજિક પ્રક્રિયા છે, જે આ પ્રકારે સમાજને પીડે છે.

## ***સાંપ્રદાયિકતા તથા ધર્મનિરપેક્ષ મૂલ્યો :***

અંતે આપણે કેટલીક વ્યાખ્યાઓને જોઈશું. સૌ પ્રથમ સાંપ્રદાયિક રાજનીતિ શું છે ? આજે રાજનીતિના બે મુખ્ય આધાર છે. એક નાગરિકતાને પ્રાથમિકતા આપવી. આમાં રાજ્યની દરેક વ્યકિતઓને સમાન નાગરિક અધિકાર આપવામાં આવે છે. તેમાં ધર્મનો આધાર લેવામાં નથી આવતો. જ્યારે એનાથી ઉલટું ધર્મ પર આધારિત રાજનીતિ એવું માનીને ચાલે છે કે સમાજમાં એક ધર્મમાં માનનારાઓનું હિત એકસમાન હોય છે. અને આ હિત બીજો ધર્મ પાળનારાઓના હિતની વિરુધ્ધ હોય છે. આપણે એક ઉદાહરણ જોઈએ કે દેશમાં નાણાં પ્રધાન વ્યાજના દર ઘટાડી દે તો શું દરેક હિંદુ એક જ પ્રકારની પ્રતિક્રિયા આપશે ? આપણે એને વિગતે જોઈએ. એક હિંદુ ઉદ્યોગપતિ જેમકે બિરલા અથવા અંબાણી તેને આવકારશે. પણ નોકરી કરતો હિંદુ જે પ્રોવિડન્ડ ફંડ પર આશ્રિત છે તેને આ બાબત આવકારવા લાયક નહીં લાગે. તે જ રીતે ગરીબ હિંદુ આ વાતની કોઈ પ્રતિક્રિયા નહીં આપે. તો હિંદુ ભિખારીને તો વ્યાજના દરની ખબર પણ નહીં પડે. એ જ રીતે મુસ્લિમ ઉદ્યોગપતિ, હિંદુ ઉદ્યોગપતિની જેમ ખુશ થશે. પગારદાર મુસ્લિમ વ્યકિત પણ હિંદુ પગારદાર વ્યકિતની જેમ દુખી થશે.

ધર્મનિરપેક્ષ રાજનીતિ તે આપણા સ્વતંત્ર્ત સંગ્રામનું મુખ્ય મૂલ્ય રહ્યું છે. ભારતનું આ આંદોલન જે સમાનતા, સમતા, બંધુતા જેવા સિધ્ધાંતો પર આધારિત છે તેમાં દરેક ધર્મના લોકોએ ભાગ લીધો હતો. પરંતુ હિંદુ અને મુસ્લિમ એમ બંને કેટલાક સંભ્રાંત લોકો જેમકે જમીનદાર વગેરે આ આંદોલનથી દૂર રહ્યા અને આ મૂલ્યોના પણ વિરોધી હતા. ધર્મનિરપેક્ષ લોકતંત્ર કોઈની કલ્પનામાં ઊગીને નથી આવ્યું. પરંતુ ભારતીય જનતાનું પ્રતિનિધિત્વ કરનાર સંવિધાન સભાના માધ્યમથી તેને ભારતીય સંવિધાનમાં મૂકવામાં આવ્યું છે. તેનો મુખ્ય સિદ્ધાંત હોય છે, લોકોના પ્રતિનિધિત્વના આધારે સમાજની નીતિઓને અમલમાં મૂકવી.

જ્યારે તેનાથી વિપરીત ધર્મના નામ પર રાજનીતિ કરનારા લોકો લોકતંત્રના વિરોધી હોય છે. ધર્મગ્રંથોના નામે પુરોહિત વર્ગના આધારે અને સમર્થન સાથે પોતાના હિતોનું રક્ષણ કરવા માટે લોકતંત્રની પ્રક્રિયાને ખતમ કરવાના પ્રયત્નો કરે છે. તેના પ્રતિનિધિત્વની કોઈ કલ્પના નથી હોતી, દૈવી શકિત અને ધર્મગ્રંથોના નામે કેટલાક લોકો સત્તા ચલાવે છે અને તેમાં તેમનો અંગત સ્વાર્થ હોય છે.

તે જ પ્રકારે બીજી રાજનીતિ જે માનવ સમાજ પહેલાં જોઈ ચૂકયો છે તે છે ફાસીવાદી રાજનીતિ. ફાસીવાદી રાજનીતિ જાતિ, રેસના નામ પર ચાલતી અને તેમાં જાતિને નાગરિકતાનો આધાર બનાવી પ્રસ્તુત કરાય છે અને ધીમે ધીમે નાગરિકતાની કલ્પનાને જ ખતમ કરી દેવામાં આવે છે. તેમાં એક પછી એક અલ્પસંખ્યકોને, માનવ અધિકાર માટે સંઘર્ષ કરનારાઓને વીણીવીણીને ખૂબ યાતનાઓ આપીને તેમનું અસ્તિત્વ મિટાવી દેવામાં આવ્યું. પછીથી આ રાજનીતિએ જર્મની અને ઈટાલી જેવા દેશોને જ ખતમ કરી નાખ્યા.

આજે ફરીથી સમગ્ર વિશ્વમાં ફાસીવાદી તાકાતો માથું ઊંચકી રહી છે. તેમાં કેટલાક મુસ્લિમ દેશોમાં અને આપણા દેશમાં ધર્મના નામે ચલાવાતો ફાસીવાદ સમાજમાં આતંક ફેલાવી રહ્યો છે. તે પછી તાલિબાનની વિચારધારા હોય કે આર.એસ.એસ.ની હિંદુ રાષ્ટ્રની વિચારધારા આપણા લોકતંત્ર માટે, માનવ અધિકારો માટે, સમાનતા, સમતા, બંધુતાના મૂલ્યોને માટે ખતરનાક સાબિત થઈ શકે છે. આજે જરૂર છે ભારતીય સંવિધાનના લોકતાંત્રિક મૂલ્યોને અને ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ધર્મનિરપેક્ષતા મૂલ્યોને બચાવવાની. તેથી બીજા ધર્મોમાં માનનારાઓ પ્રત્યે નફરત પર આધારિત રાજનીતિને ઠુકરાવી, વિવિધતામાં એકતાને સામે લાવવાની જરૂર છે. ભારતીય પરંપરાના બુધ્ધ, કબીર, નાનક અને ગાંધીના વિચારોનો આદર કરીને જ આપણે આપણા સમાજને સક્ષમ બનાવી શકીશું.

❄